# જાહેરનામું

## ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩(૧૯૭૪ ના નં.૨) ની કલમ ૧૪૪ અન્વયે

નં.વિશા/એ સેકશન/પરમીટ/૧૫૦/૨૦૧૯
પોલીસ કમિશ્નરની કચેરી, વિશેષ શાખા,
શાહીબાગ, અમદાવાદ શહેર.તા.૧૯/૧૦/૨૦૧૯

તા.૨૧/૧૦/૨૦૧૯ ના રોજ વિધાનસભા અમરાઈવાડી -૫૦ ની પેટા ચુંટણી ૨૦૧૯ નું મતદાન થનાર છે. જેની મત ગણતરી તા.૨૪/૧૦/૨૦૧૯ ના રોજ અમદાવાદ ની કે.કા શાસ્ત્રી એજ્યુકેશન કેમ્પસ અનુપમ સિનેમા રોડ, ખોખરા સર્કલ અમરાઈવાડી ખાતે મત ગણતરી થનાર છે. આ મતગણતરી શાંતીપુર્ણ રીતે અને સુમેળ ભર્યા વાતાવરણમાં પુર્ણ થાય તેમજ જાહેર સલામતી, કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે જરૂરી જણાય છે.

જેથી હું એ.કે.સિંઘ, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨) ની કલમ ૧૪૪ થી મને મળેલ અધિકારની રૂએ નીચે પ્રમાણે ફરમાવું છું.

(૧) મત ગણતરી મથકની અંદર કે, કંમ્પાઉન્ડમાં કે, મત ગણતરી મથકની ચારેય બાજુનાં ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં કોઇપણ વ્યક્તિ સેલ્યુલર/મોબાઈલ ફોન, કોડલેસ ફોન, વાયરલેસ સેટ કે સંદેશા વ્યવહારના અન્ય કોઇ વિજાણું સાધનો લઈ જવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું અને મતગણતરી મથકની અંદર કોઇ અન-અધિકૃત વ્યક્તિ પ્રવેશ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવુ છુ.

(૨) મત ગણતરી મથકની અંદર કે, કંમ્પાઉન્ડમાં કે, મત ગણતરી મથકની ચારેય બાજુનાં ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં કોઇપણ વ્યક્તિ વાહનો લઇ જઇ શકશે નહી અથવા પાર્ક પણ કરી શકશે નહી. વાહનોનો અર્થ પરીવહનના હેતુ માટે ઉપયોગમાં લઈ શકાય તેવા યંત્ર શકિતથી કે અન્ય રીતે ચાલતાં કોઈપણ પ્રકારના વાહનનો સમાવેશ થાય છે.

(૩) મત ગણતરી મથકની અંદર કે, કંમ્પાઉન્ડમાં કે, મત ગણતરી મથકની ચારેય બાજુનાં ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં કોઇપણ વ્યક્તિ બાકસ(માચીસ), લાઇટર, ગેસ લાઇટર કે અન્ય જ્વલનશીલ પદાર્થ અને વિસ્ફોટક પદાર્થો વિગેરે ચીજ વસ્તુઓ લઇ જઇ શકશે નહી કે તેનો ઉપયોગ કરી શકશે નહી.

આ હુકમનો ભંગ કરનાર શખ્સ ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

**આ હુકમમાં નીચેના અપવાદ છે.**

કાયદો અને વ્યવસ્થાના ઈન્ચાર્જ અધિકારીશ્રીઓ અને મત ગણતરી મથક અને તેની આસપાસ ફરજ ઉપર મુકેલ સલામતી કર્મચારીઓ તેમની વિધિસરની ફરજ દરમ્યાન સેલ્યુલર/મોબાઈલફોન, કોડલેસ ફોન, વાયરલેસ સેટ વગેરેનો ઉપયોગ કરી શકશે. આજ પ્રમાણે ભારતના ચુટણીપંચે નીમેલા નિરીક્ષકો તથા મત ગણતરીની ફરજોનો હવાલો ધરાવતાં અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ તેમની વિધિસરની ફરજ દરમ્યાન આવા સાધનોનો ઉપયોગ કરી શકશે.

**આ હુકમ તારીખ તા.૨૪.૧૦.૨૦૧૯ ના કલાક ૦૦.૦૦ થી મત ગણતરી પુરી થાય ત્યાં સુધી અમલમાં રહેશે.**

આજ તારીખ-૧૯/૧૦/૨૦૧૯ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

**અમદાવાદ**

પોલીસ કમિશ્નર અમદાવાદ શહેર

(એ.કે.સિંઘ)
પોલીસ કમિશ્નર,
અમદાવાદ શહેર.